# દરમ્યાનગીરી પ્રક્રિયા વિશે

દરમ્યાનગીરી વાલીના નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિ માટેના અધિકારને વિલંબિત કે નકારી શકતી નથી.

દરમ્યાનગીરી માટેની વિનંતી નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિની પહેલા કે સાથે-સાથે કરી શકાય છે.

દરમ્યાનગીરી માટે તાલીમ પામેલા વહીવટી કાનૂની જજ સત્રનું સંચાલન કરશે.

દરમ્યાનગીરી સત્રમાં વકીલો અને કાનૂની સલાહકારો ભાગ લઇ શકે છે.

દરમ્યાનગીરીને કારણે પહોંચાયેલા નિર્ણયને લેખિતમાં મૂકવામાં આવશે અને બધા સહભાગીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે.

વધુ માહિતી જોઇએ છે? પ્રારંભિક હસ્તક્ષેપ પદ્ધતિમાં વાલીઓને તેમના અધિકારો વિશે નિમ્નલિખિત સ્રોતો વધુ માહિતી આપે છે.

- સ્થાનિક નાના બાળકો અને શિશુઓના કાર્યક્રમના સેવા સંયોજકો
- સ્થાનિક વકીલાત સંસ્થાઓ, જેવી કે:

  *Advocates for Children and Youth, (410) 547-9200*

  *Family Support Network for Infants and Toddlers With Special Needs, (410) 767-0652, (800) 535-0182*

  *Maryland Disability Law Center, (410) 235-4700, (800) 233-7201; TTY: (410) 235-4227*

  *University of Maryland School of Law General Practice Clinic, (410) 328-3295*

- મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન
  વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓનો વિભાગ
  **Maryland Infants and Toddlers Program**
  200 West Baltimore Street; Baltimore, MD 21201
  (410) 767-0261 ફોન • (800) 535-0182 નિ:શુલ્ક ફોન
  (410) 333-8165 ફેક્સ • (410) 333-0731 TDD


Robert L. Ehrlich, Jr.
રાજ્યપાલ

Edward L. Root
*અધ્યક્ષ, મેરિલેન્ડ સ્ટેટ બોર્ડ ઓફ એડ્યુકેશન*

Nancy S. Grasmick
*રાજ્યસ્તરની શાળાઓના નિરીક્ષક*

Carol Ann Baglin
*રાજ્યસ્તરના સહાયક નિરીક્ષક*
*વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓનો વિભાગ*


મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન વંશ, રંગ, જાતિ, વય, મૂળ રાષ્ટ્ર, ધર્મ, કે અસમર્થતાના આધાર પર રોજગારને લગતી કે કાર્યક્રમોમાં દાખલ કરવાને લગતી બાબતોમાં ભેદભાવ રાખતી નથી. વિભાગની નીતિ સંબંધિત પૂછપરછો માટે, કૃપા કરીને ઇક્વિટી અશ્યોરન્સ એન્ડ કમ્પલાયન્સ શાખાનો 410-767-0246 પર ફોન 410-333-2226 પર ફેક્સ અથવા 410-333-6442 પર TDD દ્વારા સંપર્ક કરો. ◆ આ દસ્તાવેજ વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓના વિભાગ દ્વારા યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન, ઓફિસ ઓફ સ્પેશલ એડ્યુકેશન એન્ડ રિહેબિલિટેશન સર્વિસીસ, IDEA, ભાગ C, ભંડોળ #H181A020124 હેઠળ વિકસાવવામાં અને બનાવવામાં આવ્યો છે. ◆આમાં જણાવેલા મંતવ્યો યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન અથવા અન્ય કોઇ ફેડરલ એજન્સીના હોવાનું જરૂરી નથી અને એમ ન માની લેવું. ◆ માહિતીનો કોપીરાઇટ નથી. વાચકોને એની નકલ કરી બીજાઓને દેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, પરંતુ, કૃપા કરીને મેરિલેન્ડ વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓના વિભાગનો સ્રોત તરીકે ઉલ્લેખ કરજો. ◆ અસમર્થતા ધરાવતા અમેરિકન્સ માટેના શિક્ષણ કાનૂન (ADA) અનુસાર આ દસ્તાવેજ, વિનંતી કરવાથી, વૈકલ્પિક પ્રકારોમાં ઉપલબ્ધ છે. વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓ, મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશનનો 410-767-0261 પર ફોન, 410-333-2661 પર ફેક્સ અથવા 410-333-0731 TDD દ્વારા સંપર્ક કરો.

3/04



# પ્રારંભિક હસ્તક્ષેપ પદ્ધતિમાં દરમ્યાનગીરી

મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન
વિશેષ શિક્ષણ/પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓનો વિભાગ
મેરિલેન્ડ નાના બાળકો અને શિશુઓ માટેનો કાર્યક્રમ

Gujarati

ક્યારેક, સેવા આપનારાઓ અને વાલીઓ પ્રારંભિક હસ્તક્ષેપ પદ્ધતિમાં કુટુંબના સહભાગના અમુક પાસાઓ અંગે અસહમત થાય છે, જેમાં નિમ્નલિખિત સામેલ છે:

- લાયકાત નક્કી કરવી
- મૂલ્યાંકન કે બાળકની આકારણી
- લાયક નાના બાળક કે શિશુને પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓની ઉપલબ્ધતા
- પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓ માટે વાલીઓની નાણાંકીય જવાબદારી.

જ્યારે આમ થાય, ત્યારે વાતચીત કદાચ મુશ્કેલ બની જાય અને પક્ષો પરસ્પર મંજૂર હોય એવો નિર્ણય ન લઇ શકે.

વાલીઓને ફરિયાદોના ઉકેલ માટે નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિનો પર્યાય ઉપલબ્ધ છે – એક ઔપચારિક પ્રક્રિયા જેમાં વહીવટી કાનૂની જજો દ્વારા પૂરા પાડવામાં આવેલા પુરાવાઓ પર આધારિત નિર્ણય લેવામાં આવે છે. આ પર્યાય માટે વધુ માહિતી મેળવવા *ઇમ્પારશીયલ કમ્પ્લેન્ટ રેઝોલ્યુશન્સ પ્રોસીજર્સ (નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિ)* નામની પુસ્તિકા જુઓ, જે મેરિલેન્ડ નાના બાળકો અને શિશુઓ માટેના કાર્યક્રમ પાસેથી મેળવી શકાય છે.

વાલીઓ દ્વારા ફરિયાદોના ઉકેલ માટે **દરમ્યાનગીરી** એક ઓછો ઔપચારિક પર્યાય છે. એ ખુલ્લી વાતચીત દ્વારા પારસ્પરિક સમસ્યાના ઉકેલ પર ધ્યાન આપે છે, જે વાલીઓ અને સેવા પ્રદાન કરનારાઓ વચ્ચેના કાર્યરત સંબંધને મજબૂત કરવામાં મદદરૂપ થઇ શકે છે. દરમ્યાનગીરી સંપૂર્ણરીતે સ્વૈચ્છિક છે – વાલીઓને ઔપચારિક નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્ય- પદ્ધતિની બદલે, અથવા એ ઉપરાંત, દરમ્યાનગીરી સત્ર યોજવા વિનંતી કરવાનો અધિકાર છે.

---

દરમ્યાનગીરી તકરાર ધરાવતા પક્ષોને એક તાલીમબદ્ધ મધ્યસ્થીના માર્ગદર્શન હેઠળ ભેગા કરવાનું શક્ય બનાવે છે. એક મધ્યસ્થી વાલીઓ અને સેવા પ્રદાન કરનારાઓને જે બાબતોને લઇને તકરાર હોય એના પર ધ્યાન આપતી ચર્ચા યોજે છે. બંને પક્ષોને હકીકતો અને વિચારો જણાવવાનો મોકો આપવામાં આવે છે, અને પછી મધ્યસ્થી કુટુંબ અને બાળકના ઉત્તમ હિતને ધ્યાનમાં લઇને પરસ્પર મંજૂર હોય એવા નિર્ણય વડે સહમતિ સાધવી શક્ય બનાવે છે.

મધ્યસ્થીનો ધ્યેય બાળક ઉચિત પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓ મેળવે એની ખાતરી કરવાનો હોય છે, પરંતુ વાલીઓ અને સેવા પ્રદાન કરનારાઓએ પણ એવા નિર્ણય પર પહોંચવા માટે સાથે મળીને કામ કરવું જોઇએ જે સારા વિશ્વાસ સાથે અમલમાં મૂકી શકાય.

જો દરમ્યાનગીરીને કારણે કોઇ નિર્ણય પર પહોંચવામાં આવશે તો એ લેખિતમાં મૂકવામાં આવશે અને બધા સહભાગીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે.

જો કોઇ નિર્ણય પર પહોંચવામાં નહિ આવે, તો વાલીઓને હજી પણ નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિ માટે વિનંતી કરવાનો અધિકાર હશે.

કોઇ પણ સંજોગોમાં, મધ્યસ્થી અને બધા સહભાગી પક્ષો દરમ્યાનગીરી સત્રની ગુપ્તતા જાળવશે.

## દરમ્યાનગીરી માટે વિનંતી કરવા માટે, વાલીઓ:

- મેરિલેન્ડ ઓફિસ ઓફ એડમિનિસ્ટ્રેટિવ હિયરીંગ્ઝ પાસે *પ્રારંભિક હસ્તક્ષેપ દરમ્યાનગીરીની અરજી* મૂકી શકે છે. વાલીઓ અને સેવા પ્રદાન કરનારાઓને પારસ્પરિક રીતે મંજૂર હોય એવા નિર્ણય પર પહોંચવા મદદ કરવા માટે તાલીમબદ્ધ મધ્યસ્થીઓ ઉપલબ્ધ છે.

*અથવા*

- મેરિલેન્ડ નાના બાળકો અને શિશુઓ માટેના કાર્યક્રમને નિષ્પક્ષપાતી ફરિયાદ ઉકેલ કાર્યપદ્ધતિ પહેલા દરમ્યાનગીરી સત્ર યોજવાની વિનંતી કરતી લેખિત ફરિયાદ મોકલી શકે છે.

બાળકનું હિત મુખ્ય હોવાથી, કુટુંબ દ્વારા કરાયેલી ફરિયાદો કે કાર્યપદ્ધતિઓને કારણે પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓને વિલંબિત કરવામાં કે અટકાવવામાં નહિ આવે.